| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSN170006052022 | | દાખલ થયા તારીખ: | ૧૨–૦૯–૨૦૨૨ | | |
| | | રજુ કર્યા તારીખ: | ૧૨–૦૯–૨૦૨૨ | | |
| | | ફેંસલ કર્યા તારીખ: | ૧૩–૦૭–૨૦૨૬ | | |
| | | સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૧૦ | ૦૧ |

**થાનગઢના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૩૧૧/૨૦૨૨**

**આંક–૧૧૮**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** (૧) **મેઘાભાઇ પોપટભાઇ અણીયાળીયા, ઉ.વ.૫૫**
રહે. દેવળીયા, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

(૨) **મનજીભાઇ ભીખાભાઇ અણીયાળીયા ઉ.વ.૬૦**
રહે. દેવળીયા, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

(૩) **જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ, ઉ.વ.૪૫**
રહે. થાનગઢ મેળાના મેદાન પાસે પોલીસ લાઇન સામે, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

(૪) **અજીતસિંહ નટુભા રાણા, ઉ.વ.૫૦**
રહે. થાનગઢ કુલવાડી, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

==================================================

**ગુન્હો:–** ઈ.પી.કો.કલમ–**૪૩૦,૧૧૪** તથા ધી પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–**૩** મુજબ.

==================================================

==================================================

| | | |
|---|---|---|
| **ફરિયાદ પક્ષ તરફે** | : | વિ.એ.પી.પી.શ્રી એસ.જે.ચૌહાણ |
| **આરોપી નં.૧,૨ તરફે** | : | વિ.વકીલ શ્રી એમ.બી.દવે/વિ.વકીલ શ્રી જે.એમ.વાઘેલા |
| **આરોપી નં.૩,૪ તરફે** | : | વિ.વકીલ શ્રી ડી.સી.ચાવડા/ વિ.વકીલશ્રી જે.ડી.ચાવડા |

===================================================

**-:: ચૂકાદો ::-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૬:૪૫ થી ૧૯:૩૦ વાગ્યા દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ હેડવર્કસથી સરોડી ગામ સુધી જતી જામવાળી સેકશનની પીવાના પાણીની પાઇપલાઇનમાં ગે.કા. કનેકશન ફીટ કરી ખેતી માટે પાણી ચોરી કરી તેમજ સરકારશ્રીની પાઇપલાઇનને નુકસાન કરી એકબીજાને મદદગારી કરી **ઈ.પી.કોડની કલમ-૪૩૦, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ-૩** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ સ્ટેશનના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૧૦૫૦૨૨૦૧૧૨/૨૦૨૨ થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ **આંક-૮ થી** તહોમતનામું ફરમાવી અનુક્રમે **આંક-૯ થી ૧૨** આરોપીઓના નિવેદન લેતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ફરીયાદપક્ષને પોતાનો પુરાવો રજૂ કરવા સમન્સ કરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**-: મૌખિક પુરાવા:-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૨ | ફરિયાદી અજીતસિંહ હેમંતસંગ ડાભીની જુબાની |
| ૨ | ૩૬ | સાહેદ અમૃતભાઇ કાનજીભાઇ ભુવાની જુબાની |
| ૩ | ૩૮ | સાહેદ પાર્થભાઇ ભુપેન્દ્રભાઇ અમીનની જુબાની |
| ૪ | ૪૧ | સાહેદ સુખાભાઇ છનાભાઇ અધારાની જુબાની |
| ૫ | ૬૪ | સાહેદ નાથાભાઇ મંગાભાઇ ડાભીની જુબાની |
| ૬ | ૭૩ | સાહેદ રાણાભાઇ સુખાભાઇ લાવદીયાની જુબાની |
| ૭ | ૯૬ | સાહેદ ગોપાલભાઇ ચતુરભાઇ શેટાણીયાની જુબાની |
| ૮ | ૧૦૧ | પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની |
| ૯ | ૧૦૩ | પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણની જુબાની |
| ૧૦ | ૧૦૪ | ત.ક.અ. રેખાબેન જાદવભાઇ માલકીયાની જુબાની |

(૪) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**-: દસ્તાવેજી પુરાવા:-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૩ | લેખિત ફરીયાદ |
| ૨ | ૩૭ | રોજકામ |
| ૩ | ૧૦૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૧૦૫, ૧૦૬ | આરોપીના ખેતરના ગામ નમુના નં.૭/૧૨ |

(૫) આ સિવાય ફરિયાદપક્ષે બીજો કોઇ પુરાવો રજૂ કરેલ નથી. ફરીયાદ પક્ષે પડેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ની

જોગવાઈ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે.

(૬) આ કેસની આખરી દલીલના તબકકે ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૬:૪૫ થી ૧૯:૩૦ વાગ્યા દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ હેડવર્કસથી સરોડી ગામ સુધી જતી જામવાળી સેકશનની પીવાના પાણીની પાઈપલાઈનમાં ગે.કા. કનેકશન ફીટ કરી ખેતી માટે પાણી ચોરી કરી તેમજ સરકારશ્રીની પાઈપલાઈનને નુકસાન કરી એકબીજાને મદદગારી કરી **ઈ.પી.કોડની કલમ–૪૩૦, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૩** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું આખરી હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

(૯) ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઈ આવે છે. જે નીચે મુજબ છે.

<u>મુદ્દા નંબર–૧</u>

<u>(૯.૧)</u> આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **ફરિયાદી અજીતસિંહ હેમંતસંગ ડાભીને આંક–૩૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, હીર ટેકનોલોજી પ્રા.લી.ના નામથી થાનગઢ તાલુકાના ગામોને પીવાના પાણીનું વિતરણ કરવા માટે પાઈપલાઈન નાખવા તથા તેને નિભાવવા માટેનો કોન્ટ્રાકટ ગુજરાત પાણી પુરવઠા વિભાગ તરફથી આપવામાં આવેલો છે અને તેમાં સંચાલક તરીકે હું કામગીરી કરૂ છું. અમારી સંસ્થા વતી સરકારશ્રી દ્વારા જાહેર હિત અને જાહેર જનતાને પીવાના પાણીની સુવિધા મળી રહે તે માટે અમારી કંપની દ્વારા ગામે ગામમાં પાઈપલાઈનો નાખેલી છે અને તે પાઈપ લાઈનો થકી પાણીની ચોરીઓ અટકાવવા માટે અમે અવાર નવાર તપાસણીમાં જતા હોઈએ છીએ. <u>ગઈ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન થાનગઢ હેડ વર્કથી જામવાળી પાણીના સેકશનમાં દેવળીયા ગામની સીમમાં જીગ્નેશભાઈ ચૌહાણ, મેઘાભાઈ કોળી અને મનજીભાઈ અણીયારાઓ તેમના ખેતરમાં સરકારશ્રીની પાણી પુરવઠાની પાઈપલાઈનમાં ગે.કા. કનેકશન જોડી પોતાના ખેતરીમાં પિયત કરતા હોવાનું ધ્યાનમાં આવેલુ અને તેમ કરીને પાણીની આવશ્યક સેવાને લોકો સુધી પહોંચાડવાના કાર્યમાં આ લોકોએ ખલેલ પહોંચાડેલ હોય અને તેમ કરીને સરકારી મિલકતને નુકસાન કરેલ હોય તે અંગેની ફરિયાદ દાખલ કરવા થાનગઢ પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રીને લેખિત ફરિયાદ મોકલેલ છે. મને તે લેખિત ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જેને રજુ દા.આંક–૩૩ આપવામાં આવે છે. અમોએ આપેલી લેખિત ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ એફ.આઈ.આર. કરેલી.</u> **સદર ફરિયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ અને ચોટીલા સેકશન મારા અંડરમાં આવે છે. બનાવવાળી જગ્યાએ પી.વી.સી. ની પાઈપ લાઈનો આવેલી છે. <u>એ વાત ખરી</u>

<u>છે કે સદરહુ પાણીની પાઇપ લાઇનો અમુક અમુક અંતરે જોઇન્ટ મારવામાં આવેલા હોય છે. સાહેદ જણાવે છે કે તે પાઇપ લાઇનમાં કોઇ કારણોસર પંચર પડે તો ત્યાં સાંધા મારવામાં આવે છે. એ વાત ખરી છે કે આ પાઇપ લાઇનોમાં પ્રેશરથી પાણી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે પ્રેશરથી પાણી આપવાથી અમુક વખતે પાઇપ લીકેજ થાય છે. એ વાત ખરી છે કે બનાવ વખતે હાલના આરોપીઓ હાજર ન હતા. એ વાત ખરી છે કે પાઇપ લાઇનના ચેકીંગ માટે માણસો રાખેલા છે. એ વાત ખરી છે કે લાઇન ચેકીંગમાં રાખેલ માણસોએ બનાવ અંગે મને લેખિતમાં કોઇ જાણ કરેલ ન હતી. એ વાત ખરી છે કે અમારી કંપનીએ ફોજદારી કાર્યવાહી કરવા માટે મને નિયુકત કરેલ હોય તેવો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો મેં આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા ખેતરની આજુબાજુ અન્ય ખેતીની જમીનો આવેલી છે. એ વાત ખરી છે કે પાઇપલાઇનમાં લીકેજ થયેલ હોય તે જગ્યાએ પાણી ભરાયેલ હોય તેમજ કીચડ થયેલુ હોય છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે પ્રેશરના કારણે પાઇપ લીકેજ થાય ત્યાં પાણીના સતત પ્રવાહને લીધે પાણીનો ચીલો પડી જતો હોય છે.</u> એ વાત ખરી નથી કે તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ હું પેટ્રોલીંગમા ગયેલો ન હતો. <u>એ વાત ખરી છે કે મારી હાજરીમાં સ્થળ ઉપર કોઇ રોજકામ કરેલ ન હતુ. હું સ્થળ ઉપર આશરે બે થી અઢી કલાક સુધી રોકાયેલ હતો. ત્યારબાદ હું ત્યાંથી નીકળી ગયેલ હતો.</u> એ વાત ખરી નથી કે મારી ફરિયાદમાં જણાવેલ હકીકત મુજબ આરોપી નં.૧ તથા ૨ નાઓને પાણીની કોઇ ચોરી કરેલ ન હતી. <u>એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ખેતરનો સર્વે નંબર કે ખાતા નંબરનો કોઇ બોર્ડ લગાવેલ ન હતુ. મેં મારી ફરિયાદ લેખિતમાં તૈયાર કરી મારા સ્ટાફ મારફતે પો.સ્ટે. મોકલી આપેલી.</u> એ વાત ખરી નથી કે હું પેટ્રોલીંગમા હાજર હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે પાણી પુરવઠાની લાઇનમાં ઘણા સમયથી ભંગાણ પડેલ હતુ અને અમારી બેદરકારીના લીધે પાણી વેડફાણુ હોય અને અમારી સામે કોઇ કાર્યવાહી ન થાય તેના બચાવમાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે હું ફરિયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. <u>અમારી કંપનીમાં પાઇપલાઇનના ચેકીંગ માટે આશરે</u>

<u>૩૦ જેટલા માણસો રાખેલા છે. એ વાત ખરી છે કે આ ૩૦ માણસોને સીધા કંપની સાથે કોઈ લેવા દેવા નથી પરંતુ મારા હાથ નીચે કામ કરે છે.</u> બનાવવાળા વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનના સમારકામ માટે ગોપાલભાઈ તથા બીજા એક બે માણસોને રાખવામાં આવેલા હતા. આ માણસો પાઈપલાઈનમાં પાણી છોડવામાં આવે ત્યારે સતત ચેકીંગ કરતા હોય છે. <u>એ વાત ખરી છે કે બનાવ બાબતે ગોપાલભાઈએ કે અન્ય કોઈ માણસોએ મને લેખિતમાં કયારેય કોઈ જાણ કરેલી નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ખેતરમાં વાવેતર કરવામાં આવે ત્યારે પાણીની ચોરી થતી હોય છે. એ વાત ખરી છે કે બનાવ વખતે અમોએ જણાવેલ સર્વે નંબરવાળા ખેતરો રૂબરૂ જોઈને જોયેલા નથી. એ વાત ખરી છે કે પોલીસે મને કયારેય કોઈ જગ્યાએ બોલાવેલ નથી.</u> એ વાત ખરી નથી કે આરોપી નં.૩ નાઓએ પાણી પુરવઠાની પાઈપ લાઈનમાં ગે.કા. રીતે કનેકશન જોડી પાણીની ચોરી કરેલ ન હોવા છતા ફરજના ભાગરૂપે અમોએ ખોટી ફરિયાદ આપેલ છે.

<u>(૯.૨)</u> આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ અમૃતભાઈ કાનજીભાઈ ભુવાને આંક–૩૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, <u>ગઈ તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ હું ચોટીલા ખાતે પાણી પુરવઠા બોર્ડમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે હું તેમજ આર.સી. લાવડીયા સાહેબનાઓ, મામલતદાર સાહેબ થાનગઢ તેમજ પાણી પુરવઠા બોર્ડના અન્ય અધિકારીઓની સાથે થાનગઢ પી.આઈ.શ્રી નાઓને સાથે રાખી થાનગઢથી જામવાળી વચ્ચે આવેલ પાણીની પાઈપલાઈન ચેક કરવા માટે નીકળેલા. તે વખતે દેવળીયા ગામ પાસે જીગ્નેશભાઈ રામજીભાઈ ચૌહાણ તેમજ અજીતસિંહ નટુભા રાણાનાઓએ તેમના ખેતરમાં પાણી પુરવઠાની પાઈપ લાઈનમાં ચાપડા સીસ્ટમ વડે લીકેજ કરી અડધાથી પોણાની રબ્બરની પાઈપ લાઈન વડે પાણીની ચોરી કરી પોતાના ખેતરમાં સીંચાઈ કરતા હતા. તેમજ મેઘાભાઈ પોપટભાઈનાઓના ખેતરમાં અડધાથી પોણાની પાઈપલાઈન દ્વારા પાણીની ચોરી કરી સીંચાઈ કરતા હતા. ત્યારબાદ આગળ જતા દેવળીયા ગામ પહેલા ગ્રામજનોના પીવાના પાણીના એરવાલમાંથી કનેકશન આપેલ હતુ. જે વાલ</u>

તોડીને પાણીનો બગાડ કરતા હોય જે વાલ્વ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ તેનાથી આગળ મનજીભાઇ ભીખાભાઇના ખેતરમાં મુખ્ય પાઇપ લાઇનમાં લીકેજ કરી અડધાથી પોણાની પાઇપલાઇનનું ગે.કા. જોડાણ કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. ત્યારબાદ લાખમાચી ગામે ગ્રામજનો માટે અવેડો ભરવા માટે તથા પીવાના પાણી માટે પાઇપલાઇનમાં વાલ બનાવી તેમાં પેટી મુકી તેને તાળુ મારેલુ હતુ તે તાળુ તોડીને વાલ ખોલી જાહેરમાં પાણીનો બગાડ કરવામાં આવતો હતો. જે અંગે અમારી ટીમે સ્થળ ઉપર પંચ રોજકામ કરેલ અને જે એજન્સીને પાણીની પાઇપ લાઇન નીભાવવા માટે સોંપવામાં આવેલ તેના અજીતસંગ હેમતસંગ ડાભીને ફરિયાદ નોંધાવવા માટે નિયુકત કરવા આવેલા અને તેઓને આ અંગેની ફરિયાદ નોંધાવેલી. મને નિ.૨૨/૨ વાળુ રોજકામ બતાવવામાં આવે છે જેમાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જે રજુ દા.આંક-૩૭ આપવામાં આવે છે. આ અંગે ત.ક.અ. શ્રીએ મારો જવાબ લીધેલો. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ પી.વી.સી.ની પાઇપલાઇનો હતી. એ વાત ખરી છે કે સદરહુ પાણીની પાઇપ લાઇનો અમુક અમુક અંતરે જોઇન્ટ મારવામાં આવેલા હોય છે. એ વાત ખરી છે કે પાઇપલાઇનમાં કોઇ કારણોસર પંચર પડે તો ત્યાં સાંધા મારવામાં આવે છે. એ વાત ખરી છે કે આ પાઇપ લાઇનોમાં પ્રેશરથી પાણી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે સ્થળ ઉપર કોઇ માણસો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે પાઇપ લાઇનના ચેકીંગ માટે માણસો રાખેલા છે. એ વાત ખરી છે કે લાઇન ચેકીંગમાં રાખેલ માણસોએ બનાવ અંગે મને લેખિતમાં કોઇ જાણ કરેલ ન હતી. એ વાત ખરી છે કે બનાવવાળા ખેતરની આજુબાજુ અન્ય ખેતીની જમીનો આવેલી છે. એ વાત ખરી છે કે પાઇપ લાઇનમાં લીકેજ થયેલ હોય તે જગ્યાએ પાણી ભરાયેલ હોય તેમજ કીચડ થયેલુ હોય છે. એ વાત ખરી છે કે પાઇપ લાઇનમાં લીકેજ કેટલા સમયથી હતુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે પ્રેશરના કારણે પાઇપ લીકેજ થાય ત્યાં પાણીના સતત પ્રવાહના લીધે પાણીનો ચીલો પડી જતો હોય છે. એ વાત ખરી છે કે બનાવ વખતે દેવળીયા

તથા લાખામાચી ગામના તલાટીને સાથે રાખવામાં આવેલા ન હતા. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ખેતરનો સર્વે નં. દર્શાવતા બોર્ડ લગાવેલા ન હતા. એ વાત ખરી છે કે પંચ રોજકામમાં સ્થાનિક પંચોની સહીઓ લીધેલી નથી. એ વાત ખરી છે કે આંક–૩૭ વાળા રોજકામમાં પી.આઇ. નો હોદ્દો બાંધેલો છે પરંતુ તેમાં સહી લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અસલ પંચ રોજકામ કરવામાં આવેલ નથી અને કોની પાસે છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવવાળા ખેતરમાં કુલ કેટલા વીધામાં વાવેતર કરેલ હતુ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે પાણી પુરવઠાની લાઇનમાં ઘણા સમયથી ભંગાણ પડેલ હતુ અને અમારી બેદરકારીના લીધે પાણી વેડફાતુ હોય અને અમારી સામે કોઇ કાર્યવાહી ન થાય તેના બચાવમાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે હું ફરીયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. મને ખબર નથી કે જે કંપનીએ પાણીની પાઇપ લાઇનનો કોન્ટ્રાકટ આપેલો તેના કેટલા માણસો ચેકીંગ માટે રાખેલા. તે માણસો દ્વારા સતત ચેકીંગ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે ચેકીંગ કરનાર માણસો કે ગ્રામજનોએ પાણી ચોરી અંગે અમારી કચેરીમાં લેખિતમાં ફરિયાદ કરેલ ન હતી. એ વાત ખરી છે કે ખેતરોમાં પાણી ચોરી થતી હતી તે ખેતરના રેવન્યુ રેકર્ડમાં મંગાવવા માટે અમોએ કોઇ કાર્યવાહી કરેલી નહી. સાહેદ જણાવે છે કે સર્કલ ઓફિસર તથા મામલતદાર કચેરી દ્વારા આ ખરાઇ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે સ્થળ ઉપર કોઇ માણસોની હાજરી ન હતી. એ વાત ખરી નથી કે જીગ્નેશભાઇ અને અજીતસિંહ નટુભા રાણાનાઓના ખેતરો બનાવ સમયે પડતર હતા. મને બનાવવાળી જગ્યાનું પોલીસ દ્વારા કરવામાં આવેલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં જોઇને કહુ છુ કે જીગ્નેશભાઇ અને અજીતસિંહના ખેતરો પડતર હોવાનું જણાવ્યુ છે. એ વાત ખરી નથી કે પાણીની પાઇપ લાઇનમાં ભંગાણ કારણે પાણીનો બગાડ થતો હોય જેથી અમારી સામે તે અંગે કોઇ ફરિયાદ કે કાર્યવાહી ન થાય જેથી હાલનો બનાવ ઉભો કરી આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે ચેકીંગ વખતે કોઇ સરસામાન કે ચીજવસ્તુઓ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ ન હતી. એ વાત ખરી

નથી કે બનાવવાળા સ્થળે સ્વતંત્ર માણસો પંચ માટે સહેલાઈથી મળી શકે તેવી જગ્યા હતી. એ વાત ખરી છે કે પંચ રોજકામમાં ચાર સહીઓ કરેલી છે પરંતુ તે રોજકામ કોને લખાવેલ તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૯.૩) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ પાર્થભાઇ ભુપેન્દ્રભાઇ અમીનને આંક–૩૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, ગઇ તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ હું ચોટીલા ખાતે પાણી પુરવઠા બોર્ડમાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે હું તેમજ આર.સી. લાવડીયા સાહેબનાઓ, મામલતદાર સાહેબ થાનગઢ તેમજ પાણી પુરવઠા બોર્ડના અન્ય અધિકારીઓની સાથે થાનગઢ પી.આઇ.શ્રીનાઓને સાથે રાખી થાનગઢથી જામવાળી વચ્ચે આવેલ પાણીની પાઇપલાઇન ચેક કરવા માટે નીકળેલા. તે વખતે દેવળીયા ગામ પાસે જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ તેમજ અજીતસિંહ નટુભા રાણાનાઓએ તેમના ખેતરમાં પાણી પુરવઠાની પાઇપ લાઇનમાં ચાપડા સીસ્ટમ વડે લીકેજ કરી અડધાથી પોણાની રબ્બરની પાઇપ લાઇન વડે પાણીની ચોરી કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. તેમજ મેઘાભાઇ પોપટભાઇનાઓના ખેતરમાં અડધાથી પોણાની પાઇપલાઇન દ્વારા પાણીની ચોરી કરી સીંચાઇ કરતા હતા. ત્યારબાદ આગળ જતા દેવળીયા ગામ પહેલા ગ્રામજનોના પીવાના પાણીના એરવાલમાંથી કનેકશન આપેલ હતુ. જે વાલ તોડીને પાણીનો બગાડ કરતા હોય જે વાલ્વ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ તેનાથી આગળ મનજીભાઇ ભીખાભાઇના ખેતરમાં મુખ્ય પાઇપ લાઇનમાં લીકેજ કરી અડધાથી પોણાની પાઇપલાઇનનું ગે.કા. જોડાણ કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. ત્યારબાદ લાખમાચી ગામે ગ્રામજનો માટે અવેડો ભરવા માટે તથા પીવાના પાણી માટે પાઇપલાઇનમાં વાલ બનાવી તેમાં પેટી મુકી તેને તાળુ મારેલુ હતુ તે તાળુ તોડીને વાલ ખોલી જાહેરમાં પાણીનો બગાડ કરવામાં આવતો હતો. જે અંગે અમારી ટીમે સ્થળ ઉપર પંચ રોજકામ કરેલ અને જે એજન્સીને પાણીની પાઇપ લાઇન નીભાવવા માટે સોંપવામાં આવેલ તેના અજીતસંગ હેમતસંગ ડાભીને ફરિયાદ નોંધાવવા માટે નિયુકત કરવામાં આવેલા અને તેઓને આ અંગેની ફરિયાદ નોંધાવેલી. મને આંક–૩૭ વાળુ

રોજકામ બતાવવામાં આવે છે જેમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. આ અંગે ત.ક.અ. શ્રીએ મારો જવાબ લીધેલો. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ પી.વી.સી.ની પાઇપલાઇનો હતી. એ વાત ખરી છે કે સદરહુ પાણીની પાઇપ લાઇનો અમુક અમુક અંતરે જોઇન્ટ મારવામાં આવેલા હોય છે. એ વાત ખરી છે કે પાઇપલાઇનમાં કોઇ કારણોસર પંચર પડે તો ત્યાં સાંધા મારવામાં આવે છે. એ વાત ખરી છે કે આ પાઇપ લાઇનોમાં પ્રેશરથી પાણી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે સ્થળ ઉપર કોઇ માણસો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે પાઇપ લાઇનના ચેકીંગ માટે માણસો રાખેલા છે. એ વાત ખરી છે કે લાઇન ચેકીંગમાં રાખેલ માણસોએ બનાવ અંગે મને લેખિતમાં કોઇ જાણ કરેલ ન હતી. એ વાત ખરી છે કે બનાવવાળા ખેતરની આજુબાજુ અન્ય ખેતીની જમીનો આવેલી છે. એ વાત ખરી છે કે પાઇપ લાઇનમાં લીકેજ થયેલ હોય તે જગ્યાએ પાણી ભરાયેલ હોય તેમજ કીચડ થયેલુ હોય છે. એ વાત ખરી છે કે પાઇપ લાઇનમાં લીકેજ કેટલા સમયથી હતુ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે પ્રેશરના કારણે પાઇપ લીકેજ થાય ત્યાં પાણીના સતત પ્રવાહના લીધે પાણીનો ચીલો પડી જતો હોય છે. એ વાત ખરી છે કે બનાવ વખતે દેવળીયા તથા લાખામાચી ગામના તલાટીને સાથે રાખવામાં આવેલા ન હતા. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ખેતરનો સર્વે નં. દર્શાવતા બોર્ડ લગાવેલા ન હતા. એ વાત ખરી છે કે પંચ રોજકામમાં સ્થાનિક પંચોની સહીઓ લીધેલી નથી. એ વાત ખરી છે કે આંક–૩૭ વાળા રોજકામમાં પી.આઇ. નો હોદ્દો બાંધેલો છે પરંતુ તેમાં સહી લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અસલ પંચ રોજકામ કરવામાં આવેલ નથી અને કોની પાસે છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવવાળા ખેતરમાં કુલ કેટલા વીઘામાં વાવેતર કરેલ હતુ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે પાણી પુરવઠાની લાઇનમાં ઘણાં સમયથી ભંગાણ પડેલ હતુ અને અમારી બેદરકારીના લીધે પાણી વેડફાતુ હોય અને અમારી સામે કોઇ કાર્યવાહી ન થાય તેના બચાવમાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ

છે. એ વાત ખરી નથી કે હું ફરીયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. મને ખબર નથી કે જે કંપનીએ પાણીની પાઇપ લાઇનનો કોન્ટ્રાકટ આપેલો તેના કેટલા માણસો ચેકીંગ માટે રાખેલા. તે માણસો દ્વારા સતત ચેકીંગ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે ચેકીંગ કરનાર માણસો કે ગ્રામજનોએ પાણી ચોરી અંગે અમારી કચેરીમાં લેખિતમાં ફરિયાદ કરેલ ન હતી. એ વાત ખરી છે કે ખેતરોમાં પાણી ચોરી થતી હતી તે ખેતરના રેવન્યુ રેકર્ડમાં મંગાવવા માટે અમોએ કોઇ કાર્યવાહી કરેલી નહી. સાહેદ જણાવે છે કે સર્કલ ઓફિસર તથા મામલતદાર કચેરી દ્વારા આ ખરાઇ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે સ્થળ ઉપર કોઇ માણસોની હાજરી ન હતી. એ વાત ખરી નથી કે જીગ્નેશભાઇ અને અજીતસિંહ નટુભા રાણાનાઓના ખેતરો બનાવ સમયે પડતર હતા. મને બનાવવાળી જગ્યાનું પોલીસ દ્વારા કરવામાં આવેલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં જોઇને કહુ છુ કે જીગ્નેશભાઇ અને અજીતસિંહના ખેતરો પડતર હોવાનું જણાવ્યુ છે. એ વાત ખરી નથી કે પાણીની પાઇપ લાઇનમાં ભંગાણ કારણે પાણીનો બગાડ થતો હોય જેથી અમારી સામે તે અંગે કોઇ ફરિયાદ કે કાર્યવાહી ન થાય જેથી હાલનો બનાવ ઉભો કરી આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે ચેકીંગ વખતે કોઇ સરસામાન કે ચીજવસ્તુઓ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ ન હતી. એ વાત ખરી નથી કે બનાવવાળા સ્થળે સ્વતંત્ર માણસો પંચ માટે સહેલાઇથી મળી શકે તેવી જગ્યા હતી. એ વાત ખરી છે કે પંચ રોજકામમાં ચાર સહીઓ કરેલી છે પરંતુ તે રોજકામ કોને લખાવેલ તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૯.૪) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ સુખાભાઇ છનાભાઇ અઘારાને આંક-૪૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, ગઇ તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ હું કલાક ૧૬:૪૫ વાગ્યાથી મામલતદાર કચેરી થાનગઢ ખાતે નાયબ મામલતદાર તરીકે મારી ફરજ ઉપર હાજર હતો. તે વખતે હું તેમજ આર.સી. લાવડીયા (મામલતદાર) સાહેબનાઓ તેમજ પાણી પુરવઠા બોર્ડના અન્ય અધિકારીઓની સાથે થાનગઢ પી.આઇ.શ્રી નાઓને સાથે રાખી થાનગઢથી

જામવાળી વચ્ચે આવેલ પાણીની પાઇપલાઇન ચેક કરવા માટે નીકળેલા. તે વખતે દેવળીયા ગામ પાસે જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ તેમજ અજીતસિંહ નટુભા રાણાનાઓએ તેમના ખેતરમાં પાણી પુરવઠાની પાઇપ લાઇનમાં ચાપડા સીસ્ટમ વડે લીકેજ કરી અડધાથી પોણાની રબ્બરની પાઇપ લાઇન વડે પાણીની ચોરી કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. તેમજ મેઘાભાઇ પોપટભાઇનાઓના ખેતરમાં અડધાથી પોણાની પાઇપલાઇન દ્વારા પાણીની ચોરી કરી સીંચાઇ કરતા હતા. ત્યારબાદ આગળ જતા દેવળીયા ગામ પહેલા ગ્રામજનોના પીવાના પાણીના એરવાલમાંથી કનેકશન આપેલ હતુ. જે વાલ તોડીને પાણીનો બગાડ કરતા હોય જે વાલ્વ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ તેનાથી આગળ મનજીભાઇ ભીખાભાઇના ખેતરમાં મુખ્ય પાઇપ લાઇનમાં લીકેજ કરી અડધાથી પોણાની પાઇપલાઇનનું ગે.કા. જોડાણ કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. ત્યારબાદ લાખમાચી ગામે ગ્રામજનો માટે અવેડો ભરવા માટે તથા પીવાના પાણી માટે પાઇપલાઇનમાં વાલ બનાવી તેમાં પેટી મુકી તેને તાળુ મારેલુ હતુ તે તાળુ તોડીને વાલ ખોલી જાહેરમાં પાણીનો બગાડ કરવામાં આવતો હતો. જે અંગે પાણી પુરવઠાની ટીમે સ્થળ ઉપર ધોરણસરની કાર્યવાહી કરેલી અને તે અંગેની ફરિયાદ થયેલી અને તેમાં મારો જવાબ લેવામાં આવેલો. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી કોઇ માણસો હાજર મળી આવેલા ન હતા. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ પી.વી.સી.ની પાઇપલાઇનો હતી. એ વાત ખરી છે કે બનાવ અંગેની કોઇ લેખિત ફરિયાદ અમોને મળેલ ન હતી. એ વાત ખરી છે કે સ્થળ ઉપર અમે કોઇ કાર્યવાહી કરેલ ન હતી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં સંબંધિત ગામના કોઇ તલાટીને બોલાવવામાં આવેલા ન હતા. એ વાત ખરી છે કે માત્ર જમીન જોઇને તેના સર્વે નંબરનો ખ્યાલ આવી શકે નહી. એ વાત ખરી છે કે જમીનની આજુબાજુમાં તેનો સર્વે નંબર લખેલ હોતો નથી. એ વાત ખરી નથી કે રેડમાં સામેલ હોવાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે રેડમાં હું સામેલ ન હોય જેથી સહી કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરિયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

એ વાત ખરી નથી કે અમો રેડમાં સામેલ ન હોય જેથી મારૂ નિવેદન બનાવના રોજ લેવામાં આવેલ ન હતુ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી મારી હાજરીમાં કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએ ચેકીંગ કરવામાં આવેલ તે જગ્યા ખુલ્લી હતી. એ વાત ખરી નથી કે તે તમામ ખેતરો પડતર હતા. સાહેદ જણાવે છે કે એક ખેતરમાં વાવેતર કરેલ હતુ. એ વાત ખરી છે કે સ્થળ ઉપર આજુબાજુના માણસ કે ખેડુતને બોલાવી સર્વે નંબરની ખરાઇ મારી હાજરીમાં કરવામાં આવેલ ન હતી.

(૯.૫) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ નાથાભાઇ મંગાભાઇ ડાભીને આંક-૬૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, મારે ખેતીની જમીન થાનગઢ તાલુકાના દેવળીયા ગામે આવેલી છે અને મારી બાજુમાં મેઘાભાઇ પોપટભાઇ તથા મનાભાઇ તળશીભાઇની જમીનો આવેલી છે. બનાવ આશરે ત્રણેક વર્ષ અગાઉ બનેલો. બનાવના રોજ હું મારી રીક્ષા લઇને ગયેલ હતો અને સાંજના પરત આવતા પોલીસના માણસો અમારી વાડી પાસે આવેલા અને અમારી વાડીની બાજુમાં કોની જમીન આવેલી છે તેવી મને પુછપરછ કરેલી. જેથી મેં જણાવેલ છે કે મારા બાજુમાં મેઘાભાઇ તથા મનાભાઇની વાડીઓ આવેલી છે. પોલીસ શા માટે આવેલી અને મારી વાડીની બાજુમાં આવેલ વાડીમાં શુ બનાવ બનેલો તે અંગે મને કોઇ જાત માહિતી નથી કે પોલીસે તે બાબતે મને કોઇ હકીકત જણાવેલી નહી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારૂ નામ, સરનામુ પુછેલ તે સિવાય મેં કોઇ હકીકત પોલીસને લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઇ જાત માહિતી નથી.

(૯.૬) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ રાણાભાઇ સુખાભાઇ લાવદીયાને આંક-૭૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, ગઇ તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ હું કલાક

૧૬:૪૫ વાગ્યાથી મામલતદાર કચેરી થાનગઢ ખાતે મામલતદાર તરીકે મારી ફરજ ઉપર હાજર હતો. તે વખતે હું તેમજ સુખાભાઇ અધારા(ના.મામલતદાર) સાહેબનાઓ તેમજ પાણી પુરવઠા બોર્ડના અન્ય અધિકારીઓની સાથે થાનગઢ પી.આઇ.શ્રી નાઓને સાથે રાખી થાનગઢથી જામવાળી વચ્ચે આવેલ પાણીની પાઇપલાઇન ચેક કરવા માટે નીકળેલા. તે વખતે દેવળીયા ગામ પાસે જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ તેમજ અજીતસિંહ નટુભા રાણાનાઓએ તેમના ખેતરમાં પાણી પુરવઠાની પાઇપ લાઇનમાં ચાપડા સીસ્ટમ વડે લીકેજ કરી અડધાથી પોણાની રબ્બરની પાઇપ લાઇન વડે પાણીની ચોરી કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. તેમજ મેઘાભાઇ પોપટભાઇનાઓના ખેતરમાં અડધાથી પોણાની પાઇપલાઇન દ્વારા પાણીની ચોરી કરી સીંચાઇ કરતા હતા. ત્યારબાદ આગળ જતા દેવળીયા ગામ પહેલા ગ્રામજનોના પીવાના પાણીના એરવાલમાંથી કનેકશન આપેલ હતુ. જે વાલ તોડીને પાણીનો બગાડ કરતા હોય જે વાલ્વ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ તેનાથી આગળ મનજીભાઇ ભીખાભાઇના ખેતરમાં મુખ્ય પાઇપ લાઇનમાં લીકેજ કરી અડધાથી પોણાની પાઇપલાઇનનું ગે.કા. જોડાણ કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. ત્યારબાદ લાખામાચી ગામે ગ્રામજનો માટે અવેડો ભરવા માટે તથા પીવાના પાણી માટે પાઇપલાઇનમાં વાલ બનાવી તેમાં પેટી મુકી તેને તાળુ મારેલુ હતુ તે તાળુ તોડીને વાલ ખોલી જાહેરમાં પાણીનો બગાડ કરવામાં આવતો હતો. જે અંગે પાણી પુરવઠાની ટીમે સ્થળ ઉપર ધોરણસરની કાર્યવાહી કરેલી અને તે અંગેની ફરિયાદ થયેલી અને તેમાં મારો જવાબ લેવામાં આવેલો. સદર કામે બનાવના ચેકીંગ અંગેનું રોજકામ નિશાની ૨૨/૦૨ વાળુ અમારી રૂબરૂમાં કરવામાં આવેલ જેમાં હાજર તમામ અધિકારીઓની સહીછે જે હું ઓળખુ છું. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી કોઇ માણસો હાજર મળી આવેલા ન હતા. એ વાત મને હાલ યાદ નથી કે બનાવવાળી જગ્યાએ પી.વી.સી.ની પાઇપ લાઇનો હતી કે કેમ. એ વાત ખરી છે કે બનાવ અંગેની કોઇ લેખિત ફરિયાદ અમોને મળેલ ન હતી. સાહેદ જણાવે છે કે પાણી પુરવઠાના અધિકારીઓ

દ્વારા મૌખિક જાણ કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે સ્થળ ઉપર અમે કોઇ કાર્યવાહી કરેલ ન હતી. સ્થળ ઉપર મારી સાથે નાયબ મામલતદાર સાહેબશ્રી, પી.આઇ. શ્રી ગૌરી મેડમ, પાણી પુરવઠા કચેરીના અધિકારી પુવાર સાહેબ તથા અન્ય એક કર્મચારી કે જેનું નામ મને હાલ યાદ નથી તેઓ હતા. એ વાત ખરી છે કે મારી હાજરીમાં સંબંધીત ગામના કોઇ તલાટીને બોલાવવામાં આવેલા ન હતા. એ વાત ખરી છે કે માત્ર જમીન જોઇને તેના સર્વે નંબરનો ખ્યાલ આવી શકે નહી. એ વાત ખરી છે કે જમીનની આજુબાજુમાં તેનો સર્વે નંબર લખેલ હોતો નથી. એ વાત ખરી છે કે સ્થળ ઉપરથી કોઇ ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે અમે જે સ્થળ ઉપર ગયેલા તે જમીન ખુલ્લી હતી. સાહેદ જણાવે છે કે બાજરાનું વાવેતર હતુ. પાઇપ લાઇન માલિકીની જગ્યામાંથી પસાર થતી હતી. એ વાત ખરી છે કે આવી પાઇપલાઇનનું મેન્ટેનન્સ રીપેર કરનાર અમારી હાજરીમાં રીપેર કરતા નથી. એ વાત ખરી નથી કે મેઘાભાઇ અને મનજીભાઇ પાણી ચોરીમાં સામેલ હોય અને અમારી હાજરીમાં ચોરી કરતા હોય તે વિગત હું ખોટી જણાવુ છુ. મેઘાભાઇ અને મનજીભાઇનાઓની જમીનની આજુબાજુમાં કોની કોની જમીન આવેલી છે તેની વિગત હું આપી શકુ નહી. એ વાત ખરી નથી કે મેં તૈયાર રોજકામમાં સહી કરેલ છે. એ વાત ખરી નથી કે રેડમાં સામેલ હોવાની હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે ફરિયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે જો કોઇ વ્યકિત ખેતીની જમીનમાંથી જતી પાઇપમાંથી પાણી ચોરી કરતા હોય તો તે ખેતીના ઉપયોગમાં પાણી લેવા માટે પાણી ચોરી કરતા હોય છે. એ વાત નથી કે જીગ્નેશભાઇના ખેતરમાં જે પાણી ચોરી થતી હતી તે પડતર જમીન હતી. એ વાત ખરી છે કે ચાર ચેકીંગ કર્યા તે ચેકીંગ અંગેનું રોજકામ, એક રોજકામમાં કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૩૭ વાળા રોજકામમાં કોઇ પણ ખેતરની ચતુર્દિશા કે નકશો દર્શાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પાણી પુરવઠાની ભૂલના કારણે પાણી વેડફાતુ હોય તેઓની ભૂલ ઢંકાઇ જાય તે સારૂ અમે ભેગા મળીને ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે કહેવાતુ રોજકામ સ્થળ ઉપર નહી પરંતુ ઓફિસમાં કરેલ છે.

(૯.૭) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ ગોપાલભાઇ ચતુરભાઇ શેટાણીયાને આંક–૯૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી આશરે બે ત્રણ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે પાણીના ચેકીંગમાં ગયેલા. બનાવના દિવસે અમે અલગ અલગ ગામમાં થઇ સરોડી રામપરા સુધી ગયેલા. જયાં દેવળીયા ગામની વાડીઓમાં પાણીની લાઇનનું ચેકીંગ કરતા અમુક અમુક જગ્યાએ પાઇપો તુટેલ હતી જેથી અમે તે લાઇનો સાંધી દીધેલ અને આગળ ચેકીંગ કરતા કરતા ગયેલા. આ બનાવ બાબતે અમારા સાહેબોએ કોઇ ફરિયાદ કરી હોય તેની મને ખબર નથી. પોલીસે મારી કોઇ પુછપરછ કરેલી નહી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમે જે જગ્યાએ પાઇપો તુટેલી ત્યાં કોઇ માણસ હાજર ન હતા અને આ વાડી કોની હતી તેની મને ખબર નથી.

(૯.૮) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીને આંક–૧૦૧ થી તથા પંચ સાહેદ મહેશભાઇ ભોગીલાલ ચૌહાણને આંક–૧૦૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, આજથી ત્રણ વર્ષ અગાઉ હું થાનગઢ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે તે વખતે પોલીસે મને ઉભો રાખી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલી. આ તૈયાર લેખલા કાગળમાં શું લખેલ હતુ તે મેં વાંચેલ નહી. એના સિવાય બીજુ હુ કશુ જાણતો નથી તેમ જણાવી આંક–૧૦૨ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. **સદર પંચ સાહેદોની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલ.

(૯.૯) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **ત.ક.અ. રેખાબેન જાદવભાઇ માલકીયાને આંક–૧૦૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, હું સને ૨૦૨૨ની સાલમાં થાનગઢ પો.સ્ટે.માં ખાતે એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતી હતી. તે વખતે

તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ ફરિયાદી અજીતસીંગ હેમંતસીંગ ડાભી હીર ટેકનોલોજીસ્ટ ૭૦૨ સીટી સેન્ટર અમદાવાદનાઓએ એક ફરીયાદ નોંધાવેલ જેની ટૂંકમાં હકીકત એવી હતી કે આરોપીઓ થાનગઢ હેડ વર્કથી સરોડી ગામ સુધી જતી જામવાળી સેકશનની પીવાના પાણીની પાઇપ લાઇનમાં ગેરકાયદેસર કનેકશન ફીટ કરી ખેતી માટે પાણી ચોરી કરી તેમજ પાઇપ લાઇનને નુકસાન કરી બાબતની હતી. જે ફરજ પરના પી.એસ.ઓ.એ થાનગઢ પો.સ્ટે. ગુન્હા રજી. નં.૧૧૨/૨૦૨૨થી આઇ.પી.સી. કલમ–૪૩૦, ૧૧૪ તથા સાર્વજનિક મિલકતોને નુકસાન અટકાવવાનો અધિનિયમની કલમ–૩ મુજબ નોંધી લઇ આગળની તપાસ અમોને સોંપતા તપાસ અમોએ સંભાળી લીધેલ. તા.૦૬/૦૫/૨૦૨૨ના રોજ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ. મને આંક–૧૦૨ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં મારી તથા બે પંચોની સહી છે જે હું ઓળખી બતાવુ છું. બનાવ બાબતે લાગતા વળગતા સાહેદ નિવેદન નોંધેલા તેમજ તપાસના કામે આરોપીના ખેતરના ૭/૧૨ મેળવેલા જે આજ રોજ રજુ કરૂ છુ. મને નિશાની ૨૨/૪ તથા ૨૨/૫ થી રજુ છે જેને અનુક્રમે રજુ દા.આંક–૧૦૫ તથા ૧૦૬ આપવામાં આવે છે. આમ, આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હું ઓળખુ છુ. **સદર ત.ક.અ. ની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે પંચનામુ અમોએ પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ કરાવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને માણસોની અવર જવર વાળી જગ્યા છે. એ વાત ખરી છે કે આ કામે જમીનની ચોકકસ ખરાઇ માટે કઇ નકશો કે ટીપણ આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે કોઇ ખેતીની જમીન કોની માલિકીની છે તે જોઇને કઇ શકાય નહીં. એ વાત ખરી નથી કે આરોપી સામે કોઇપણ જાતનો પુરતો પુરાવો ન હોવા છતાય ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે કોર્ટમાં ખોટી જુબાની આપુ છું.

(૧૦) ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે

રહે છે ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના "**કાલીરામ વિ...સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ' (૧૯૭૩) (૨) એસસીસી પા.નં.** ૮૦૮ ના ચુકાદામાં જે પાયાના મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરૂરી છે. તેમાં તેવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જ્યાં સુધી તે અનુમાનનું ફરીયાદ પક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે અને જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિ. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિ. વધુમાં જો ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરે ત્યારબાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભાવનાના સિધ્ધાંતો મુજબનુ હોય છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પજ્ઞની છે અને જ્યાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન હરાવી શકે નહિ. જો ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈ પણ શંકા રાખી દે તો તે શંકાનો લાભઆરોપીને મળવા પાત્ર બને છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટ **Crimes 2016(4) Page No 114, Harbeer Singh V/s. Shershpal & Qrs.** ના પેરા નંબર ૧૧ માં ઠરાવેલ છે કે "It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubt. The burden of proving its case beyond all reasonable doubt lies on the prosecution and its never shifts..... વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની

જોગવાઈ હોય તો પણ તેવા કૌરસ્સામાં જ્યાં સુધી ફરીયાદ પણ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવું અનુમાન કરી શકાય નહિ. હવે ફરીયાદ પક્ષે જે આક્ષેપ મુકેલ છે તે આક્ષેપ બાબતની કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો,

**<u>S.430 Mischief by injury to works of irrigation or by wrongfully diverting water</u>**

Whoever commits mischief by doing any act which causes, or which he knows to be likely to cause, a diminution of the supply of water for agricultural purposes, or for food or drink for human beings or for animals which are property, or for cleanliness or for carrying on any manufacture, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, or with fine, or with both.

**Key Ingredients :** The core of this offense is the intent to cause "wrongful loss" or "damage" to the water supply, often targeting irrigation channels or hindering access to essential water sources.

**<u>S.114 Abettor presents when offence is commited</u>**

Whenever any person who if absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

**Essential (Key) Ingredients :**

- Prior Abetment : The person must have previously committed an act of abetment (instigation, conspiracy, or intentional aid) as defined under Section 107 of IPC.
- Presence at the Offence : The abettor must be physically present when the actual crime is committed.

- Liability as Principal: Because the abettor is present, the law deems them to have committed the substantive offense, not just the abetment.
- Same Penalty : The abettor is punished as if they were the principal offender who actually committed the act.
- Not Independent Offence : Section 114 does not create a new offense, but rather provides a scenario where an abettor is treated as the principal actor.

**S.3. Mischief causing damage to public property**

(1) Whoever commits mischief by doing any act in respect of any public property, other than public property of the nature referred to in sub-section (2), shall be punished with imprisonment for a term which may extend to five years and with fine.

(2) Whoever commits mischief by doing any act in respect of any public property being (a) any building, installation or other property used in connection with the production, distribution or supply of water, light, power or energy; (b) any oil installations; (c) any sewage works; (d) any mine or factory; (e) any means of public transportation or of tele-communications, or any building, installation or other property used in connection therewith, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than six months, but which may extend to five years and with fine:Provided that the Court may, for reasons to be recorded in its judgment, award a sentence of imprisonment for a term of less than six months.

**Key Ingredients and Sub-sections:**

- **Sub-section (1) - General Mischief :** Applies to any act of mischief against public property not mentioned in sub-section (2). Punishable by up to five years of imprisonment and fine.
- **Sub-section (2) - Specific/Special Property Damage :** Applies to damage caused to essential infrastructure, including:
- Buildings or installations related to water, light, power, or energy production/distribution.
- Oil installations.
- Sewage works.
- Mines or factories.
- Means of public transportation or telecommunications.

**Key Details of Section 3:**

- **General Damage (Section 3(1)) :** Damages to public property not listed under 3(2) can result in imprisonment up to 5 years, along with a fine.
- **Specialized Infrastructure (Section 3(2)) :** Damage to critical infrastructure is treated more severely. This includes:
- Water, light, or energy installations.
- Oil installations.
- Sewage works.
- Mines or factories.
- Public transportation or telecommunication systems.

(૧૧) પ્રસ્તુત કામે ફરીયાદ પક્ષે જે મૌખિક પુરાવો રજુ કરેલ તે સિવાય વધુ કોઇ પુરાવો રજુ રાખેલ નથી. જે તમામ દસ્તાવેજો તેમજ ફરીયાદ પક્ષના મૌખિક પુરાવા બાદ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે કરેલ આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૬:૪૫ થી ૧૯:૩૦ વાગ્યા દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ હેડવર્કસથી સરોડી ગામ સુધી જતી જામવાળી

સેકશનની પીવાના પાણીની પાઇપલાઇનમાં ગેરકાયદેસર કનેકશન ફીટ કરી ખેતી માટે પાણી ચોરી કરી તેમજ સરકારશ્રીની પાઇપલાઇનને નુકસાન કરી એકબીજાને મદદગારી કરી **ઈ.પી.કોડની કલમ–૪૩૦, ૧૧૪ તથા પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૩** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા બાબતનો છે ત્યારે રજુ થયેલ પુરાવાઓ પૈકી તપાસવામાં આવેલ સાહેદો દ્વારા આપેલ પુરાવો જોઈએ તો, ગઇ તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ પાણી પુરવઠા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર તેમજ આર.સી. લાવડીયા સાહેબનાઓ, મામલતદાર સાહેબ થાનગઢ તેમજ પાણી પુરવઠા બોર્ડના અન્ય અધિકારીઓની સાથે થાનગઢ પી.આઇ.શ્રીનાઓને સાથે રાખી થાનગઢથી જામવાળી વચ્ચે આવેલ પાણીની પાઇપલાઇન ચેક કરવા માટે નીકળેલા. તે વખતે દેવળીયા ગામ પાસે જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ તેમજ અજીતસિંહ નટુભા રાણાનાઓએ તેમના ખેતરમાં પાણી પુરવઠાની પાઇપ લાઇનમાં ચાપડા સીસ્ટમ વડે લીકેજ કરી અડધાથી પોણાની રબ્બરની પાઇપ લાઇન વડે પાણીની ચોરી કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. તેમજ મેઘાભાઇ પોપટભાઇનાઓના ખેતરમાં અડધાથી પોણાની પાઇપલાઇન દ્વારા પાણીની ચોરી કરી સીંચાઇ કરતા હતા. ત્યારબાદ આગળ જતા દેવળીયા ગામ પહેલા ગ્રામજનોના પીવાના પાણીના એરવાલમાંથી કનેકશન આપેલ હતુ. જે વાલ તોડીને પાણીનો બગાડ કરતા હોય જે વાલ્વ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ તેનાથી આગળ મનજીભાઇ ભીખાભાઇના ખેતરમાં મુખ્ય પાઇપ લાઇનમાં લીકેજ કરી અડધાથી પોણાની પાઇપલાઇનનું ગે.કા. જોડાણ કરી પોતાના ખેતરમાં સીંચાઇ કરતા હતા. ત્યારબાદ લાખમાચી ગામે ગ્રામજનો માટે અવેડો ભરવા માટે તથા પીવાના પાણી માટે પાઇપલાઇનમાં વાલ બનાવી તેમાં પેટી મુકી તેને તાળુ મારેલુ હતુ તે તાળુ તોડીને વાલ ખોલી જાહેરમાં પાણીનો બગાડ કરવામાં આવતો હતો. જે અંગે અમારી ટીમે સ્થળ ઉપર પંચ રોજકામ કરેલ અને જે એજન્સીને પાણીની પાઇપ લાઇન નીભાવવા માટે સોંપવામાં આવેલ તેના અજીતસંગ હેમતસંગ ડાભીને ફરિયાદ નોંધાવવા માટે નિયુકત કરવા આવેલા અને તેઓને આ અંગેની ફરિયાદ નોંધાવેલી. જે બાબતે તપાસેલ તમામ સાહેદો પૈકી

મોટાભગના સાહેદ પોતાની ઉલટ તપાસમાં કબુલેલ છે કે એ વાત ખરી છે કે બનાવ વખતે અમોએ જણાવેલ સર્વે નંબરવાળા ખેતરો રૂબરૂ જોઇને જોયેલા નથી. એ વાત ખરી છે કે પોલીસે મને કયારેય કોઇ જગ્યાએ બોલાવેલ નથી. એ વાત ખરી છે કે માત્ર જમીન જોઇને તેના સર્વે નંબરનો ખ્યાલ આવી શકે નહી. એ વાત ખરી છે કે જમીનની આજુબાજુમાં તેનો સર્વે નંબર લખેલ હોતો નથી. એ વાત ખરી છે કે સ્થળ ઉપરથી કોઇ ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સ્થળ ઉપર કોઇ માણસો મળી આવેલ નહી. આમ, આ કામે બનાવ સ્થળેથી આરોપીઓ મળી આવેલ નથી સાથે સાથે જે સર્વે નં. ૯૫ તથા નવો સ.નં. ૬૭ આ કામના આરોપીઓની માલિકીની છે. જે બાબતે ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૩૦ જોઇએ તો તેમાં જણાવેલ છે કે જે કોઇ વ્યકિત કોઇ કૃત્યથી ખેતીવાડી હેતુ માટે અથવા માણસોને કે કોઇની માલિકીના પશુઓનો ખોરાક અથવા પાણી માટે અથવા સફાઇ માટે કોઇ કારખાનુ ચલાવવા માટે પાણીના પુરવઠામાં ઘટાડો થાય અથવા જેથી ઘટાડો થવાની સંભાવના હોવાનુ પોતે જાણતા હોય તેવું કૃત્ય કરીને બગાડ કરે, તેની પાંચ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની તે બંને શિક્ષા કરવામાં આવશે.

હવે પ્રસ્તુત કામે ઉપર જણાવ્યા તે પ્રમાણે આક્ષેપ બાબતે રજુ રાખેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદ પક્ષના જણાવ્યા મુજબ રજુ રાખેલ સર્વે નંબરવાળી જમીન આ કામના આરોપીઓ ખેડતા હોય અથવા તેમાં પિયત થતું હોય તેવી કોઇ જ બાબતે ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી. સાથે સાથે જે પાઇપલાઇન ઉપર કનેકશન ગેર કાયદેસર રીતે માલુમ પડેલ તે આ કામના આરોપીઓ અથવા તેના કોઇ ખાસ એજન્ટ મળતીયા દ્વારા કરવામાં આવેલ હોય તેવો પણ પુરાવો રજુ રાખેલ નથી. એટલે કે આરોપીઓ સામે કોઇ પ્રત્યક્ષ પુરાવો ગેર કાયદેસર કનેકશન લેતો ફરીયાદ પક્ષ રજુ રાખેલ નથી. તેવી જ રીતે સર્કમસ્ટેન્સીયલ એવિડન્સ પણ આ કામના આરોપી ઉપર ફરીયાદ પક્ષ બતાવી શકેલ નથી. આ વાત નકારી શકાય તેમ નથી કે આ કામે ફરીયાદ પક્ષે ચેકીંગ દરમ્યાન ગેરકાયદેસર કનેકશન પકડેલ છે પરંતુ આ કનેકશન સાથે કોઇ પાઇપલાઇન દ્વારા આરોપીઓ ખેતર સુધી પાણી

પહોંચાડતા હતા ? અને જો હા તો આ કનેકશન આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ હતું એવો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રજુ રાખવામાં નિષ્ફળ જણાય છે. વધુમાં ફરીયાદ પક્ષ જે રોજકામ ઉપર આધાર રાખે છે તે રોજકામમાં મામલતદારશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સર્કલ ઓફીસરશ્રી, પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા અ.મ.ઈ.શ્રી પૈકી પોલીસ ઈન્સ્પેકટરશ્રી સિવાયનાઓની સહી છે જ્યારે પોલીસ ઈન્સ્પેકટરશ્રીની સહી નથી તેમજ જે સ્થળે રોજકામ કરેલ છે તે સ્થળના માલીક કે અજુબાજુના કોઈ ઇસમની સહી નથી કે કોઈ પંચ સાહેદોની સહી નથી અને સૌથી મોટી બાબત જે આરોપીઓ સામે આક્ષેપ છે તે પૈકી કોઈ પણ આરોપીની સહી નથી તેમજ રોજકામ કેટલા વાગે શરૂ થયુ, કેટલા વાગે પુરૂ થયુ તેનો ઉલ્લેખ નથી સાથે સાથે રોજકામમાં સંસ્થાના કોઈ અધિકારીના હોદ્દા સાથેની વિગત કે સીલ નથી. વધુમાં આ કામે બનાવ સ્થળના જ ૭/૧૨ ના ઉતાર છે કે કેમ ? તે બાબતે ફરીયાદ પક્ષ મૌન છે અને જ્યાં ગેરકાયદેસર કનેકશન મળી આવેલ તે આરોપીની માલીકીનું હોવાનો પુરાવો નથી આમ, ફરીયાદ પક્ષ જે દસ્તાવેજો ઉપર આધાર રાખે છે તે દસ્તાવેજો તેમજ જે સાહેદો જુબાની આપે છે તેમાં આ કામના આરોપીઓ દ્વારા જ પાણીની પાઇપલાઇનમાં ગેરકાયદેસર કનેકશન જોડી પાણીનો બગાડ કરવામાં આવેલ હોય અને તેના કારણે જ પાણીના પુરવઠામાં ઘટાડો થયેલ હોય તે બાબતે તેઓ કેટલો જથ્થો ઘટ્યો તે બાબત પુરવાર કરવા કોઈ દસ્તાવેજી પુરાવો આપતા નથી છતાં માની લેવામાં આવે કે પાણી ઘટ્યું છે તો પણ હાલના આરોપીઓ દ્વારા જ આ ગેરકાયદેસર જોડાણ આપેલાનો કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો નથી સાથે સાથે કોઈ સર્કમસ્ટન્શીયલ પુરાવો પણ રજુ રાખવામાં કે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ જણાતા હોય એટલે કે આ કામના આરોપી વિરૂધ્ધ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવાથી આક્ષેપ પુરવાર કરવામાં આવેલ ના હોય આરોપીને તેઓની વિરૂધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

**૧.** આ કામના આરોપી **૧. મેઘાભાઇ પોપટભાઇ અણીયાળીયા, ઉ.વ.૫૫,** રહે. દેવળીયા, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર, **૨. મનજીભાઇ ભીખાભાઇ અણીયાળીયા ઉ.વ.૬૦,** રહે. દેવળીયા, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર, **૩. જીગ્નેશભાઇ રામજીભાઇ ચૌહાણ, ઉ.વ.૪૫,** રહે. થાનગઢ મેળાના મેદાન પાસે પોલીસ લાઇન સામે, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર, **૪. અજીતસિંહ નટુભા રાણા, ઉ.વ.૫૦,** રહે. થાનગઢ કુલવાડી, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગરવાળાનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે **ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૩૦, ૧૧૪** તથા **ધી પ્રિવેન્સન ઓફ ડેમેજીસ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૩** મુજબ મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન રજુ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ હુકમની અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૦૭–૨૦૨૬
થાનગઢ

(વિપુલ કાંતિભાઇ વાઘેલા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**